PG CL **પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ** PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/ક્વા–૦૨/૧૭–૧૮/ ૬૯૦૯ તા. ૨૬/૦૭/૧૭

**રજી. એ.ડી. પત્ર**

**પ્રતિ,**
**લખુભાઈ નથુભાઈ ગોજિયા,**
**પબાભાઈ માલદેભાઈ ગોજીયા,**
**હસ્તે,: કરશન લખુ ગોજીયા, રામ સાજણ ગોજીયા,**
**ગામ: બાંકોડી (ગણેશગઢ),**
**તા.કલ્યાણપુર,**
**જી. દેવભુમી દ્વારકા**
**મો: ૯૪૨૮૧૨૫૬૩૩**

**વિષય :–અલગ ટીસી મેળવવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૪–૦૭–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૦/ક્વા–૦૨/૧૭–૧૮ )**

**શ્રીમાન,**

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

**જે આપને સુવિદીત થાય. આભાર સહ.,**

**આપનો વિશ્વાસુ**

**( કે. ડી. વીરડીયા )**
**કન્વીનર**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,**
**પીજીવીસીએલ – રાજકોટ.**

**બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨ )**

**નકલ રવાના :**
**(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર**
**(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા**
**(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર**

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 1 / N

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

**પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ**

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૧૦/ક્વા–૦૨/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૫–૦૭–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: લખુભાઈ નથુભાઈ ગોજિયા, પબાભાઈ માલદેભાઈ ગોજીયા, હસ્તે.: કરશન લખુ ગોજીયા, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર શ્રી કાળુભાઈ રામભાઈ ગોજીયા હાજર રહેલ હતા.**

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી, કલ્યાણપુર (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, દ્વારકા)**

**રજુઆત કરનાર :જી.જી.પટેલ ( નાયબ ઈજનેર ટેક – વિભાગીય કચેરી, દ્વારકા)**

## : હુકમ :

**ફરીયાદ : અલગ ટીસી મેળવવા બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓશ્રી ના બાંકોડી ગામે, તેઓ શ્રી ના (૧)લખુભાઈ નથુભાઈ ગોજિયા (૨) પબાભાઈ માલદેભાઈ ગોજીયા, (૩) રામ સાજણ ગોજીયા, ના નવા ખેતીવાડી વીજજોડાણો, છેલ્લા ૦૧ વર્ષ થી, '' પેઈડ પેન્ડીગ '' સ્થિતી મા છે. વીજલાઈન પણ ઉભી થઈ ગયેલ છે. પરંતુ, સદર ૦૩ જોડાણો માટે ના, તાંત્રીક મંજુરી અન્વયે ના, અલગ–અલગ એવા સ્વતંત્ર ટ્રાન્સફોર્મર લગાડી અને જોડાણો, ચાલુ કરાયેલ નથી. તદ ઉપરાંત, તેઓના વીજજોડાણ વાળા ખેતીવાડી વીજગ્રુપ ની લાઈન નુ સમારકામ પણ થયેલ નથી. તથા, જોડાણ મા નામ બદલી ની વિધીસર ની અરજી આપેલ હોવા છતા, આજદિન સુધી નામ બદલી ની મંજુરી પણ થયેલ ન હોવાના કારણોસર, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી ના બાંકોડી ગામે, તેઓ શ્રી ના (૧)લખુભાઈ નથુભાઈ ગોજિયા (૨) પબાભાઈ માલદેભાઈ ગોજીયા, (૩) રામ સાજણ ગોજીયા, ના નવા ખેતીવાડી વીજજોડાણો વાળી, હૈયાત એવી એલ.ટી.લાઈન નુ, એચ.વી.ડી.એસ. સ્કીમ હેઠળ – નાણાકીય વર્ષ–૨૦૧૭–૧૮ મા – લક્ષ્યાંક હેઠળ કામકાજ સમાવિષ્ટ છે. જે માહેના, દરખાસ્ત થયેલ કુલ ૨૦૯ ટ્રાન્સફોર્મર માથી, હાલ ના તબ્બકે, ૭૦ ટ્રાન્સફોર્મર નુ કામ પૂર્ણ કરાયેલ છે. તેમજ, નવી વીજલાઈન અન્વયે ના વીજપોલ ઉભા કરવાનુ કામ પણ પ્રગતિમા છે. આમ, સદર વીજગ્રુપ ની તમામ હૈયાત એલ.ટી.લાઈન અને ટ્રાન્સફોર્મર વગેરે ને નાણાકીય વર્ષ–૨૦૧૭–૧૮ ના અંત સુધી મા– આ ૧૧ કેવી કેનેડી એજી ફીડર નુ એચ.વી.ડી.એસ. સ્કીમ હેઠળ કામ સંપન્ન થશે. આમ થતા, સદર વીજગ્રુપ ના, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના જોડાણો પણ, એચ.વી.ડી.એસ. સ્કીમ હેઠળ ચાલુ કરવામા આવશે. તેમજ, મેન્ટેનન્સ માટેની તમામ બાબતો ની પણ પૂર્તતા થશે. આમ થવાથી, સદર ગ્રુપ ના હૈયાત જોડાણો, તથા નવા જોડાણો ને, નવી એચ.વી.ડી.એસ. સ્કીમ હેઠળ પરીવર્તીત એવા નેટવર્ક માથી, ગુણવતાયુક્ત વીજપુરવઠો મળી રહેશે. વિશેષ મા, શ્રી પબાભાઈ માલદેભાઈ ગોજીયા ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૫૭૧૫/૦૦૨૬૨/૧ મા નામ બદલી ની મંજુરી ની તમામ પ્રક્રીયાઓ પૂર્ણ કરાયેલ છે. પીજીવીસીએલ ની આ તમામ કામગીરી બાબતે ની અરજદાર શ્રી ને જાણકારી આપી શકાય. |

**મુદ્દા નં.–૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી |

| | |
|---|---|
| | નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| <u>૩.૧</u> | ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ના, તમામ – ૦૩ મુદદાઓ ( નવા ખેતીવાડી વીજજોડાણ / હૈયાત વીજલાઈન નુ સમારકામ / નામ બદલી ની મંજુરી ) પરત્વે ની પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, મહદઅંશે ની કાર્યવાહી, જે નાણાકીય વર્ષ–૨૦૧૭–૧૮ ના અંત સુધી મા પૂર્ણ થવામાં છે. આમ – ફરીયાદી અરજદાર શ્રી ના સદર વીજગ્રુપ ની તમામ હૈયાત એલ.ટી.લાઈન અને ટ્રાન્સફોર્મર વગેરે ને નાણાકીય વર્ષ–૨૦૧૭–૧૮ ના અંત સુધી મા– આ ૧૧ કેવી કેનેડી એજી ફીડર નુ એચ.વી.ડી.એસ. સ્કીમ હેઠળ કામ પીજીવીસીએલ તરફથી સંપન્ન થશે. આમ થતા, સદર વીજગ્રુપ ના, અરજદાર શ્રી ની માંગણી મુજબ ના જોડાણો પણ, પીજીવીસીએલ દ્વારા એચ.વી.ડી.એસ. સ્કીમ હેઠળ ચાલુ કરવામા આવશે. તેમજ, સદર હૈયાત ખેતીવાડી વીજગ્રુપ ની મેન્ટેનન્સ માટેની તમામ બાબતો ની પૂર્તતા પણ પીજીવીસીએલ તરફથી સંપન્ન થશે. આમ થવાથી, સદર ગ્રુપ ના હૈયાત જોડાણો, તથા નવા જોડાણો ને, નવી એચ.વી.ડી.એસ. સ્કીમ હેઠળ પરીવર્તીત એવા નેટવર્ક માંથી, ગુણવતાયુક્ત વીજપુરવઠો મળી રહેશે. આ મુજબ નો પીજીવીસીએલ તરફથી ફોરમ કમિટી સમક્ષ અહેવાલ રજુ કરાયેલ છે. જેથી, સદર અહેવાલ મા જણાવ્યા મુજબ ના તમામ મુદદાઓ ની, કાર્યક્રમબધ્ધ ની, તબ્બકાવાર કાર્યવાહી દર્શાવતી મુદદાસર ની વિગતો, જે અરજદાર શ્રી ને, કચેરી મા રૂબરૂ ઉપસ્થિત રાખી, લેખીત પત્ર મારફત, આ મુજબ ની વિગતો પ્રમાણે ફરીયાદ નિરાકરણ સબંધક લેખીત જાણકારી આપી, અને તે મુજબ, ફરીયાદી અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ, તેમની સદર ફરીયાદ નુ નિરાકરણ, જે પીજીવીસીએલ તરફથી થયેલ હોવા સબંધક અહેવાલ, અત્રેના ફોરમ સમક્ષ દિન–૧૦ મા રજુ કરવા બાબતે નો – તેમજ, શ્રી પબાભાઈ માલદેભાઈ ગોજીયા ના ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૫૭૧૫/૦૦૨૬૨/૧ મા નામ બદલી ની મંજુરી ની તમામ પ્રક્રીયાઓ પૂર્ણ કરાયેલ છે. પીજીવીસીએલ ની આ તમામ કામગીરી બાબતે ની અરજદાર શ્રી ને, તેમના લેખીત સંમતીપત્ર હેઠળ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, દિન–૧૦ મા પ્રત્યુતરપત્ર પાઠવી, અને અરજદાર શ્રી ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયા સબબ નો અહેવાલ, અત્રેના ફોરમ સમક્ષ રજુ કરવા સબબ નો, પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો,સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ કરાયેલ છે. |

<u>મુદદા નં.–૪ :</u>

<u>હુકમ</u>

| | |
|---|---|
| <u>૪.૧</u> | સદર કેઈસ મા, ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ એવી મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૨ મુજબ ની વિગતેનો અહેવાલ, જે ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. તે અહેવાલ ને આનુષાંગીક રહેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર ને, સદર કેઈસ ના તમામ ફરીયાદીઓને, તેમની ફરીયાદ ના નિરાકરણ સબંધક કાર્યવાહી દર્શાવતો વિગતવાર અહેવાલ, જે અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ, દિન–૧૦ મા, અત્રેના ફોરમ સમક્ષ રજુ કરવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો હુકમ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ત્મીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સંબંધ હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.